

(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

**પાલનપુર ખાતે ગુજરાત હાઈકોર્ટ દ્વારા યોજાયેલી પટાવાળાની ભરતી પ્રક્રિયા અન્વયે પરીક્ષા યોજાઈ**

ગુજરાત હાઈકોર્ટ દ્વારા તાજેતરમાં પટાવાળાની ભરતી માટેની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. જે ભરતી પ્રક્રિયા અન્વયે ગુજરાતભરમાં આજે પરીક્ષા યોજાઈ હતી. જેમાં પાલનપુર ખાતે પણ પટાવાળાની ભરતીમાં ઉમેદવારી કરનાર ઈચ્છુક ઉમેદવારોએ પરીક્ષા આપી હતી. પરીક્ષા શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન થઈ હતી.

# દાંતીવાડા તાલુકાના લોડપા ગામના ખેડૂતો પાણી પુરવઠાના સરકારી બાબુઓથી ત્રસ્ત

## દાંતીવાડા જળાશય આધારિત ત્રણ તાલુકાના ગામોને પાણી પુરૂ પાડવાની ૯૬ કરોડના ખર્ચની યોજનામાં ઉચ્ચ તપાસ થવા માંગ સરકારી બાબુઓની મિલી ભગત હોવાનો લોડપા ગામના ખેડૂતોનો આક્ષેપ

(પ્રતિનિધિ) દાંતીવાડા, તા. ૬

દાંતીવાડા તાલુકાના દાંતીવાડા ડેમમાંથી છેલ્લા કેટલાક સમયથી ત્રણ તાલુકાના ગામોમાં પીવાનું પાણી પુરૂ પાડવા પાણી પુરવઠા દ્વારા કરોડો રૂપિયાના ખર્ચે ટાંકા બનાવી અને પાઈપ લાઈનો નાખવામાં આવી રહી છે પરંતુ એ કામ કરતી કંપનીના માણસો અને સરકારી બાબુઓ ભેગા મળી કામના નીતિનિયમોને નેવે મુકી પોતાની કામની જીમેદારી ગમે તેમ પુરી કરી છુટવા માંગતા હોય તેવું જણાઈ રહ્યું છે, ત્યારે આજરોજ તેમજ જવાબમાં વિલંબ જોવા મળી રહ્યો છે.

પ્રાપ્ત થતી માહિતી અનુસાર દાંતીવાડા તાલુકામાં આવેલ દાંતીવાડા ડેમમાંથી પાણીની ૩ પાઈપ લાઈન નાખવામાં આવી રહી છે, જે પાઈપ લાઈનનો ઉપયોગ દાંતીવાડા, ડીસા અને પાલનપુર તાલુકાના ૯૪ ગામોમાં પીવાનું પાણી પુરૂ પાડવામાં લેવાનો છે, સમગ્ર યોજના ૯૬ કરોડના ખર્ચે તૈયાર થશે. આ કામમાં દાંતીવાડા તરફથી ચંડીસર જતા રોડની ડાબી બાજુએ લોડપા ગામના ખેડૂતોના



લોડપા ગામના નુકસાનનનો ભોગ બનનાર ખેડૂતોએ કામમાં રોક લગાવી કામ ન કરવા વિરોધ દર્શાવ્યો હતો. ત્યારે કંપનીના જવાબદારો તેમજ સરકારી બાબુઓના ચહેરામાં ડર ખેતરોમાંથી બે પાઈપ લાઈન બે માસ અગાઉ નાખવામાં આવી હતી, ત્યારે ખેડૂતોને બટાકાના પાકમાં ખોદકામ થતા નુકસાન થયું હતું તેનું વળતર પાણી પુરવઠાના દરજી સાહેબે ૩૧ માર્ચ સુધી આપવાનું કહ્યું પરંતુ આપવામાં આવ્યું નથી, ત્યારે આજે ફરી બે માસ પછી નીલપુરના પીકઅપ સ્ટેન્ડની પાછળ એક પાણીની લાઈન છોડી દેવામાં આવી હતી અને એ પાઈપ લાઈન ગતરોજ તારીખ ૫-૪-૧૪ના ૫ વાગ્યાના સમયે રોડની જમણી બાજુના ખેતરોમાં ખોદવાનુ શરૂ કરતા તે ખેતર માલિકે વિરૂદ્ધ કરતા આજરોજ તારીખ ૬-૪-૧૪ના સવારના ૮ વાગ્યાના સમયે ફરી રોડની ડાબી બાજુએ આવેલા ખેતરોમાં ખોદવાનું શરૂ કર્યુ હતુ, એ વાતની જાણ ખેડૂતોને થતા ખેડૂતો ભેગા થયા અને ખોદવાનું કામ બંધ કરાવી દીધું હતું, અને ખેડૂતોને ગમે તે જગ્યાએ પાઈપલાઈન ખોદી નાખવા પ્રત્યે સંકા થતા કામ બંધ કરાવ્યું હતું.

વાતની જાણ થતા પાણી પુરવઠાના સુપરવાઈઝર પુનમભાઈ પ્રજાપતિ આવી પહોંચ્યા હતા અને તેમને ખેડૂતોને ગોળ ગોળ વાતો કરી કામ શરૂ કરાવવાની કોસિશ કરી હતી, પરંતુ ખેડૂતોએ જ્યારે પ્રશ્નો પૂછ્યા ત્યારે તે જવાબ આપવા મુંઝવણમાં મુકાયા હતા, માટે ખેડૂતો વધુ ઉશ્કેરાયા હતા અને પહેલાનું વળતર આપો, પાઈપ લાઈન નાખવાનો નકશો લાવો અને જાહેરનામાની કોપી લાવી જે સર્વે નંબરમાં નાખવાની હોય તે ખેતરોમાં જ નાખો અને પોતાની મનમાની ચલાવી ખેડૂતોનું નુકસાન કરવાનું બંધ કરો અને આમ અવારનવાર નુકસાન થશે તે સહન ન કરવા ખેડૂતો સજ્જ થયેલ જોવા મળ્યા હતા, ખેડૂતોમાં સરકારી કર્મચારીઓ બાબતે ભારે નારાજગી જોવા મળી એનું કારણ એ કે કામ રોડની ડાબી બાજુના ખેતરોમાં કરાયું જ્યારે નોટીસો રોડની જમણી બાજુના ખેડૂતોને આપવામાં આવી એ પણ સર્વે નંબરનો કોઈ ઉલ્લેખ કર્યા વિના માટે ખેડૂતો આ બધી વાતે ખુબજ રોષે ભરાયા હતા અને હવે આધાર પુરાવા વિના કામ આગળ નહિ વધવા દેવામાં આવે તેવી મજબૂતાઈ પર અડગ છે, અને સાથે તેમને મીડીયા સમક્ષ પુરી યોજનામાં લાગતા વળગતા જવાબદાર દેરક અધિકારીની ભૂમિકા બાબતે ઉચ્ચ તપાસ થાય તેવી પણ માંગ કરી છે.



(તસવીર : પ્રવિણ પટેલ, દાંતીવાડા)

# પાલનપુર લાલ બંગલા સામે દૂધના ટેન્કરની અડફેટે એક્ટીવા ચાલકને ગંભીર ઈજા



પાલનપુર શહેરના કર્મચારી કલ્યાણ તંત્ર હોલ સામે આજે બપોરે માતેલા સાંઢની જેમ પુરઝડપે આવી રહેલા બનાસડેરીના દુધના ટેન્કરે એક્ટીવા ચાલક વૃદ્ધને ટક્કર મારતા અકસ્માત સર્જાયો હતો. જેમાં પાલનપુર શહેરના ઢુંઢીયાવાડી વિસ્તારમાં રહેતા એક્ટીવા ચાલક પ્રૌઢ રાજકુમાર ભારદ્વાજને ગંભીર ઈજાઓ થતા તાકીદે સારવાર અર્થે પાલનપુર સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતા. જ્યાં તેઓની હાલત નાજુક જણાતા તેઓને વધુ સારવાર અર્થે અમદાવાદ ખસેડાયા હતા.

# પ્રાંતિજમાં ભારત માતા કી જય ઘોષ સાથે વિજય સંકલ્પ યાત્રા નિકળી

## ૩૫માં સ્થાપના દિવસની પણ ઉજવણી કરાઈ

પ્રાંતિજ, તા. ૬

ભાજપ દ્વારા આજરોજ ૩૫મો સ્થાપના દિવસ ઉજવવામાં આવ્યો હતો. પ્રાંતિજ શહેર ભાજપ દ્વારા શહેરમાં રેલી કાઢવામાં આવી હતી. મોટી સંખ્યામાં ભાજપના કાર્યકરો જોડાયા હતા.



(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

સાબરકાંઠાના પ્રાંતિજ ખાતે ભાજપના ૩૫મા સ્થાપના દિવસની ઉજવણી કરવામાં આવી હતી. સ્થાપના દિવસ નિમિત્તે સમગ્ર શહેરમાં વિજય સંકલ્પ સાથે રેલી ફરી હતી. રેલીમાં ભાજપની ગાથા રજુ કરવામાં આવી હતી.

નાની ભાગોળ પ્રાંતિજથી રેલીનું પ્રસ્થાન કરવામાં આવ્યું હતું. ત્યારે ભારતમાતાનો ફોટો, ભાજપના પંડિત દિનદયાલનુનો ફોટો અને ભાજપના કમળને શણગારીને વાહનમાં મુકવામાં આવ્યા હતા. બેન્ડવાજા સાથે વિજય સંકલ્પ યાત્રા શહેરના વિસ્તારોમાં ફરી હતી.

રેલીમાં ભાજપના કાર્યકરો દ્વારા ભારત માતાકી જયના નારાઓ કાર્યકરો કરતા હતા. જેમાં પ્રાંતિજ નગરપાલિકા પ્રમુખ ગીરીશ પટેલ, કારોબારી અરવિંદભાઈ પરમાર સહિતના અગ્રણીઓ જોડાયા હતા.

# ઊંઝાના ઉનાવા ગામના સરપંચ પર બે શખ્સો દ્વારા જીવલેણ હુમલો

## રાજકીય અદાવતમાં હુમલો થયાનું અનુમાન

ઊંઝા, તા.૬

ઊંઝાના ઉનાવા ગામના સરપંચ પર અંગત અદાવતમાં મોડી રાત્રે બે શખ્સો દ્વારા જીવલેણ હુમલો કરવામાં આવ્યો હતો. આ શખ્સો મારી લૂંટ ચલાવી નાસી ગયા હતા. સરપંચને સારવાર અર્થે મહેસાણા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. આ ઘટનાની તપાસ ઊંઝા પોલીસ કરી રહી છે.

મળતી માહિતી મુજબ ઊંઝાની પાસે ઉનાવા ખાતે રહેતા અને સરપંચ વસ્તારામ પ્રભુદાસ પટેલ રાત્રિના સમયે મામુ સાહેબની દરગાહ પાસે આવેલી ઓફિસમાં સૂઈ રહ્યા હતા ત્યારે મોડી રાત્રે સફેદ કલરની ગાડીમાં અજાણ્યા બે શખ્સો આવ્યા હતા અને સરપંચ કંઈ પણ સમજે તે પહેલા ધોકા વડે જીવલેણ હુમલો કર્યો હતો.

હુમલામાં સરપંચને હાથ, પગના ભાગે ગંભીર ઈજાઓ થવા પામી હતી. આ અજાણ્યા શખ્સોએ સરપંચ પાસે રહેલ મોબાઈલ ફોન સહિતની કિંમતી ચીજવસ્તુઓની લૂંટ ચલાવી નાસી છૂટયા હતા. ગંભીર રીતે ઘાયલ સરપંચને સારવાર અર્થે મહેસાણા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.

આ હુમલો અંગત અદાવત રાખી કરવામાં આવ્યો હોય તેવું માનવામાં આવે છે ત્યારે પાંચ દિવસ પૂર્વે હુમલાની દહેશતને લઈ સરપંચ દ્વારા પોલીસને જાણ કરવામાં આવી હોવા છતાં પોલીસે ઘટનાની ગંભીરતા લીધી ન હતી તેથી સ્થાનિક લોકોમાં પોલિસ પ્રત્યે પણ રોષની લાગણી ફેલાવા પામી છે.

આ ઘટનાની જાણ ઊંઝા પોલીસને કરવામાં આવતા પોલીસે લૂંટ અજાણ્યા શખ્સો વિરુદ્ધ લૂંટ, જાનથી મારી નાંખવાનું કાવતરું બાબત ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# બનાસડેરી ખાતે કૃત્રિમ વિર્યદાન અને પ્રાથમિક સારવારની તાલીમનો દિક્ષાંત સમારોહ સંપન્ન

બનાસડેરીના ગલબાભાઈ ડેરી સહકારી તાલિમ કેન્દ્ર ખાતે તા. ૨૫-૨-૧૪થી તા. ૫-૪-૧૪ સુધી ૪૦ દિવસની કૃત્રિમ વિર્યદાન અને પ્રાથમિક સારવાર અંગેની ૮૨મી બેચની કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બનાસકાંઠા, રાજકોટ અને પંચમહાલ જિલ્લાના તાલીમાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ કાર્યક્રમનો દિક્ષાંત સમારોહ તા. ૫-૪-૧૪ના રોજ યોજાયો હતો. બનાસ ડેરીના મેનેજીંગ ડીરેક્ટર શ્રી સંજય કરમચંદાનીના અધ્યક્ષ સ્થાને અને ડી.એચ. વિભાગના મેનેજર ડૉ. હરીભાઈની વિશેષ ઉપસ્થિતિમાં સમારોહની શરૂઆત પ્રાર્થના અને દીપ પ્રાગટ્યથી કરવામાં આવી હતી. ડૉ. હરીભાઈએ તાલીમાર્થીઓને તાલીમ કેન્દ્રની વિવિધ તાલીમલક્ષી અને બીજી તકનીકી માહિતી આપવા સાથે મીનરલ મિક્ષ્ચર અને હાઈપ્રોદાણના ઉપયોગ પશુમાલિકો કરતા થાય તે દિશામાં કાર્ય કરવા ઉપર ભાર મુક્યો હતો.



(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

સમારોહના અધ્યક્ષ સ્થાનેથી ઉદ્‌બોધન કરતા શ્રી સંજય કરમચંદાનીએ તાલીમાર્થીઓને કૃત્રિમ વિર્યદાન ઉપરાંત પશુને લગતી અન્ય પ્રાથમિક સારવારમાં પારંગત બની સેવાભાવનાથી ખેડૂતોને સહાયરૂપ બનવા અનુરોધ કર્યોહતો. વળી તેમણે તેમના વક્તવ્યમાં જણાવ્યું હતું કે જે ડોક્ટર ઉપર આપણને વિશ્વાસ હોય તેના પાસે આપણે દવા લેવા જઈએ છીએ તો આપણાં વિચાર, વાણી અને વર્તન પણ એવા હોવા જોઈએ કે જેથી ખેડૂતો આપણા ઉપર વિશ્વાસ કરે. જો તમે પશુઓની સાચી સેવા કરશો તો તમે ખેડૂત, જિલ્લા અને દેશની સાચી સેવા કરી ગણાશે. અંતમાં તેઓના વરદ હસ્તે પ્રમાણપત્રનું વિતરણ કરવામાં આવ્યું હતું.

તાલીમ કેન્દ્રના આસીસ્ટન્ટ મેનેજર ડૉ. સતીષ પાનસુરીયાએ સમગ્ર સમારોહનું સફળ સંચાલન કર્યુ હતુ અને તેઓએ તાલીમાર્થીઓ તેમના જીવનના દરેક મુકામે સફળતાને વરે તેવી શુભકામના પાઠવી હતી. તાલીમાર્થીઓએ પણ કાર્યક્રમના અંતે ગદગદ ભાવે પોતાના પ્રતિભાવ આપતાં તાલીમ કેન્દ્રની કાર્યશૈલીને બીરદાવી હતી.

## મજરામાં રામકથાનો પ્રારંભ

પ્રાંતિજ, તા.૬

તાલુકાના મજરા ગામના ભૈરવનાથ મંદિરે રામ ચરિત રામકથાનું આયોજન કરવામાં આવ્યું છે. તા. ૬ એપ્રિલથી તા. ૧૪ એપ્રિલ સુધી રામચરિત રામકથા યોજવામાં આવશે. આ કથાની ભવ્ય શોભાયાત્રા આજ રોજ ગામમાં નિકળી હતી. જેમાં મોટી સંખ્યામાં ગ્રામજનો જોડાયા હતા. ભૈરવનાથ મંદિરમાં યોજાનાર કથામાં કથાકાર ગણેશદાસજી દ્વારા સંગીતમય કથા કરવામાં આવશે કથા દરમિયાન અલગ અલગ વેશભૂષા ધારણ કરી વિવિધ પાત્રો ભજવવામાં આવશે જેમાં મોટી સંખ્યામાં ગ્રામજનોને લાભ લેવા જણાવાયું છે.



શહેરમાં એચ.આઈ.વી. ગ્રસ્ત દર્દી માટે સેવા કરતી એન.પી. પલ્સ સંસ્થા દ્વારા શહેરમાં વસતા એચ.આઈ.વી. ગ્રસ્ત પરિવારોના બાળકોને રમત ગમતની કીટ તેમજ ખાદ્ય સામગ્રી વિતરણ કરવામાં આવી હતી. આ પ્રસંગે સંસ્થાના જયંતિભાઈ પઢીયારે જણાવ્યું હતું કે મારી સંસ્થા આવા પરિવારોની પડખે હર હંમેશ માટે ઉભી રહેશે. (તસવીર : હરેશ જોષી, પાલનપુર)



## પાલનપુરમાં યોજાઈ શાંતિ સમિતિની બેઠક

લોકસભાની ચૂંટણી પ્રક્રિયા ચાલુ છે ત્યારે આવનારા રામનવમીના ઉત્સવની ઉજવણી ટાણે શહેરમાં સુલેહ-શાંતિ જળવાઈ રહે તે માટે પાલનપુર શહેર પુર્વ પોલીસ સ્ટેશન ખાતે શાંતિ સમિતિની બેઠક યોજાઈ હતી. જેમાં રામનવમીના દિવસે ભગવાન શ્રીરામની શોભાયાત્રા શાંતિપૂર્ણ સંપન્ન થાય તેના પર ભાર મુકાયો હતો. આ બેઠકમાં પાલનપુર ડીવાયએસપી એસ.એન. પરમાર, શહેર પી.આઈ. એમ.બી. વ્યાસ સહીત હિન્દુ-મુસ્લિમ સમાજના આગેવાનો હાજર રહ્યા હતા.

(તસવીર : હરેશ જી. જોષી, પાલનપુર)

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય

મોર્ડન મોટર્સ

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર

ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧

સુવિધાઓ

● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ

EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર | કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર

પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ

AGL TILES WORLD Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧